# 5 ધોયો અને ખાધો

## ગાઈએ ગીતિકા :

ડુંગરદાદાની દીકરી, રૂમઝૂમ કરતી નીસરી
વાંકીચૂંકી વહેતી જાય, વાંક વળાંક લેતી જાય,

ઢાળ પ્રમાણે ઢળતી જાય, આગળ આગળ ધપતી જાય,
એકબીજાને મળતી જાય, વનવગડાને વીંધતી જાય,

ગામેગામ ફરતી જાય, ખેતર-પાદર ગણતી જાય,
સીમ-સીમાડા ફરતી જાય, ઉનાળે ઓછી થઈ જાય,

ચોમાસે છલકાતી જાય, પહોળા પટ પાથરતી જાય,
તરસ્યાંને પાણીડાં પાય, નાવણ ધોવણ કરાવતી જાય,

રમણ રેતીમાં રમતી જાય, ઝીણું ઝીણું ગાતી જાય,
એને કાંઠે ગામ છે, નદી એનું નામ છે.

– ઈશ્વરલાલ જોષી

## વાંચો અને કહો. કઈ વાત જાણીને સૌથી વધુ નવાઈ લાગી?

- કેટલાક સાપ પોતાનાં જ ઈંડાં ખાઈ જાય છે.
- ડોલ્ફિન એક આંખ ખુલ્લી રાખીને સૂએ છે.
- કેટલીક માછલીઓ પણ ઉધરસ ખાય છે.
- હાથી એકમાત્ર પ્રાણી છે જે કૂદી શકતું નથી.
- મગર તેની જીભ ક્યારેય પણ બહાર કાઢી શકતો નથી.
- ઘોડાના દાંતની ગણના કરીને તે નર છે કે માદા તે કહી શકાય છે. ઘોડાને 40 દાંત હોય છે, જ્યારે ઘોડીને 36 દાંત હોય છે.

- તમારા ઘર/ફળિયા/ગામનાં કોઈ મોટેરાંને પ્રાણીઓ વિશેની અવનવી બાબતો પૂછો અને લખો.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વાંચો.

## મેથીપાક

નર રીંછને પોતાનાં નવજાત બચ્ચાં ઉપર સખત નફરત હોય છે. વસંતમાં માદા રીંછને વનમાં કોઈ એવી જગ્યાએ છુપાઈ જવું પડે છે કે જ્યાં કુટુંબના વડાનો ભેટો થાય જ નહિ. બચ્ચાંને લઈને શિયાળો ગાળવા તે શરદમાં નોખું રહેઠાણ ગોતી લે છે. એક વાત જાણવા જેવી છે કે રીંછોમાં નર અને માદા દર બે વરસે જોડી બનાવીને બચ્ચાં પેદા કરે છે.

થોડાંક વરસ પહેલાં અમે એક રીંછ બાપને તેનાં બચ્ચાં જોડે હળમેળ કરાવવાની કોશિશ કરેલી. ચીડિયાઘરમાં કદાવર નર રીંછ પહેલવાનને ધાબડધીંગી નામે માદા રીંછ ભેગો એક જ વાડામાં રાખવામાં આવ્યો. શિયાળામાં ધાબડધીંગીને ત્રણ બચ્ચાં આવ્યાં. પહેલવાન તેમની તરફ ત્રાંસી નજર નાખતો રહેતો અને ઘણીવાર તો ભારે પંજા ફટકારવાની કોશિશ કરતો પરંતુ સાવધાન મા તેને આઘો ને આઘો જ રાખતી. બાપ નજીક આવે કે તરત ધાબડધીંગી તેની અને આંધળાં બચ્ચાંની વચ્ચે ઊભી રહી જતી. પહેલવાન કદમાં ધાબડધીંગીથી બમણો અને ઘણો વધારે જોરાવર હતો પરંતુ રીંછડી મા ખીજે ભરાય ત્યારે ખતરનાક બની જતી. તે એવા ઝનૂનથી લડતી અને જોરદાર ફટકાની એવી ઝડી વરસાવી દેતી કે પહેલવાન હારી જતો. ધાબડધીંગીના ફટકાથી બચવા આગલા પંજા માથા આડા રાખીને તે પાછલા પગે પીછેહઠ કરવા લાગતો. એમ કરવામાં એક વાર તો તે ખાઈમાં પડી ગયેલો.

આવા કૌટુંબિક ઝઘડા રોજ ચાલતા રહેતા. આખરે પહેલવાને નમતું મૂકી દીધું. તે ધાબડધીંગીથી એવો ડરી ગયેલો કે બચ્ચાં બખોલમાંથી નીકળીને બાપ પાસે જવા લાગે કે તરત ગભરાઈને ભાગવા માંડતો, વારે વારે બીકભરી નજર ધાબડધીંગી તરફ નાખતો રહેતો અને પંજા વડે માથું ઢાંકી દેતો.

અમને લાગ્યું કે હવે પહેલવાને પોતાનો નવો કૌટુંબિક દરજ્જો સ્વીકારી લીધો છે, પરંતુ તેમાં અમારી ભૂલ હતી.

પાંચ રીંછના એ કુટુંબના રહેઠાણના વાડામાં વચ્ચોવચ ઝાડનું જાડું અને ઊંચું થડિયું હતું. એક વાર ત્રણમાંથી એક બચ્ચું થડિયાની ટોચે ચડીને બેઠું અને તડકાની મોજ માણવા લાગ્યું. ધાબડધીંગી નજીક નહોતી, ક્યાંક ઊંઘની મજા માણી રહી હતી. પહેલવાને જોયું કે મેદાન ખાલી છે એટલે તેણે થડિયા પાસે સરકીને બચ્ચાને એવો જોરદાર ફટકો લગાવી દીધો કે તે હવામાં અધ્ધર ઊડ્યું અને રાડારાડી કરવા લાગ્યું. ધાબડધીંગી તરત જાગી ગઈ અને તેણે મોટા જબ્બર રીંછને બરાબરનો મેથીપાક ચખાડ્યો. પહેલવાન ઊંઘીને અપમાનને ભૂલી જવા ખૂણામાં લપાઈ ગયો.

થોડા દિવસ કુટુંબમાં શાંતિ રહી. ધાબડધીંગી હવે અગાઉ જેટલી સાવધાન નહોતી રહેતી. ઉનાળામાં એક વાર સરસ મજાની સવાર હતી ત્યારે તે નીંદરમાં પડી ગઈ. પહેલવાને એક બચ્ચાને ખાઈ પાસે જતું અને આગલા પંજા

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પાણીમાં બોળતું જોયું. પહેલવાન ખાઈમાં ઊતર્યો અને લપાતોછુપાતો પાણીમાં છબકારા બોલાવતા બચ્ચા પાસે પહોંચી ગયો. બાપે અચાનક બચ્ચાની ગરદન દાંતમાં પકડી લીધી અને તેને પાણીમાં ઊંડું ઝબોળી દીધું. બચ્ચાએ રાડ પાડવા ડાચું ફાડ્યું તો ખરું પણ અવાજ નીકળ્યો જ નહિ, તે પાણીમાં ગૂંગળાઈ ગયું. પહેલવાન પણ માથું પાણીની અંદર ઝાઝી વાર ન રાખી શક્યો. તેણે શ્વાસ લેવા માથું પાણીમાંથી બહાર કાઢ્યું કે તરત તેના દાંતમાં હજી લટકી રહેલા શિકારે કારમી રાડ નાખી. તેનો અવાજ ચીડિયાઘરના પ્રાણી-દ્વીપના ખૂણેખૂણામાં ફેલાઈ ગયો. સફાળી જાગી ગયેલી માએ ઠેકડો મારીને સીધું પાણીમાં ઝંપલાવ્યું અને એ મારકણાને ધોઈ નાખ્યો.

જોવા જેવો મામલો હતો! ઝનૂની માદા રીંછે પહેલવાનની ઉપર હુમલો કર્યો અને તેને એકદમ ઢીબી નાખ્યો. પહેલવાન પીછેહઠ કરીને લાચાર દશામાં માથું બચાવતો ખાઈને દૂરને છેડે ચાલ્યો ગયો. આખરે ધાબડધીંગીએ તેનો છાલ છોડ્યો ત્યારે તે એક કલાકથીયે વધારે વખત પાણીમાં જ રહ્યો, ધાબડધીંગીની બીકે તેની બહાર નીકળવાની હિંમત જ ન થઈ. ઝનૂને ભરાયેલી ધાબડધીંગી ખાઈને કાંઠે આંટા મારતી હતી.

એ દિવસથી કુટુંબમાં કાનૂન અને વ્યવસ્થાની પાકી સ્થાપના થઈ ગઈ. ધાબડધીંગી બાપની તરફ જરાક સરખુંયે ધ્યાન આપ્યા વગર બચ્ચાંની સંભાળમાં મશગૂલ રહેતી.

પહેલવાનને નવા વાળ આવ્યા. બચ્ચાંના સંબંધમાં તેની દિલચસ્પી સાવ ઓસરી ગઈ. તે આખો દિવસ નિરાંતે પંજા ફેલાવીને ચત્તો સૂઈ રહેતો.

શિયાળો આવ્યો. રીંછોએ જમીનમાં ખાડા ખોદી લીધા અને તેઓ મોટે ભાગે ખાડામાં ઊંઘતાં પડ્યાં રહેતાં. ધાબડધીંગી બચ્ચાં ભેગી સૂતી અને પહેલવાનની બખોલ વાડાને બીજે છેડે હતી. હવામાં હૂંફ જેવું લાગે ત્યારે બચ્ચાં ખાડામાંથી બહાર નીકળીને હિમમાં રમતાં. ક્યારેક તેઓ હિંમત કરીને બાપ પાસે પહોંચી જતાં અને પહેલવાન માની બખોલ તરફનો રસ્તો રોકી દેવાની કોશિશ કરતો. શિયાળામાં ધાબડધીંગીની માતૃવૃત્તિ બહુ જોરદાર નહોતી રહી. બચ્ચાં તેની બખોલમાં હોય ત્યારે જ તેમનો બચાવ કરતી, પરંતુ બચ્ચાં હવે પોતાની ફિકર પોતે જ કરી લે એટલાં મોટાં થઈ ગયાં હતાં. તેઓ પીછો કરનારને થાપ આપીને સહેલાઈથી છટકી જતાં. માત્ર એક જ વાર પહેલવાને એક બચ્ચાને ઝપટમાં લઈ લીધેલું. લગભગ ત્રીસ કિલોગ્રામ જેટલા વજનના બચ્ચાને હવામાં ફંગોળી દીધું. બચ્ચું જઈને જોખમના વિસ્તારથી થોડાક મીટર આઘે પડ્યું.





મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વસંતમાં કુટુંબમાં કશા ગંભીર ઝઘડા ન થયા. બચ્ચાં મોટાં થઈને વધારે હિંમતવાન બની ગયાં હતાં અને પોતાનો બચાવ સરખી રીતે કરી લેતાં.

એકવાર હું ઉદ્યાનમાં થઈને જતો હતો ત્યારે રીંછોના વાડા પાસે ટોળું ભેગું થઈ ગયું હતું અને લોકો ખુશીમાં શોર મચાવી રહ્યા હતા. રીંછોએ ખરેખરો તમાશો કર્યો હતો. પહેલવાન ખાઈમાં હતો અને તેણે જેને હવામાં ફંગોળી દીધું હતું એ બચ્ચું તેની ઉપર નજર ઠેરવીને કાંઠે ઊભું હતું. પહેલવાને ખાઈમાંથી નીકળવાની કોશિશ કરી અને પથ્થરની દીવાલના એક ખાંચામાં પંજા ભરાવ્યા. એ જ ઘડીએ એક માદા બચ્ચું લપકીને તેની પાસે પહોંચી ગયું અને બાપના મોઢા ઉપર એક પછી એક ત્રણ તમાચા ઝડપથી ચોડી દઈને દોડતું મા પાસે પહોંચી ગયું.

પહેલવાન મનમાં જ બબડ્યો હશે, ''આ એક બીજી ધાબડધીંગી!''

– પ્યોતર માનતેઈફેલ
(રશિયન વાર્તા)

- **વાતચીત :**
  - વાર્તામાં તમને ક્યારે મજા આવી? ક્યારે હસવું આવ્યું?
  - તમને કઈ કઈ વાતની નવાઈ લાગી?
  - રીંછ અને રીંછડીનાં નામ સાંભળીને તેના સ્વભાવ વિશે શા વિચાર આવે છે?
  - વાર્તામાં કઈ કઈ ઋતુની વાત છે? તમને કેવી રીતે ખબર પડી? વાર્તામાંથી શોધીને કહો.
  - રીંછનો દેખાવ અન્ય પ્રાણીઓ કરતાં ક્યાં જુદો પડે છે?
  - રીંછના કુટુંબ અને માણસના કુટુંબમાં શું સરખું હશે? શું જુદું હોય છે?
  - નર બચ્ચું મોટું થયા પછી પહેલવાન જેવું બનશે કે જુદું? કેમ?
  - નર રીંછ બચ્ચાંને શા માટે મારતો હશે?
  - તમારે પહેલવાનને સલાહ આપવી હોય તો શું કહો?
  - વાર્તામાં હવે પછી શું થશે તેવું લાગે છે?

**શબ્દોને ગોઠવીને વાક્ય બનાવો. વાર્તાને આધારે તે વાક્ય સાચું છે કે ખોટું તે જણાવો.(જોડીકાર્ય)**

1. બહુ વહાલ બચ્ચાંને કરતી હતી ધાબડધીંગી
   ધાબડધીંગી બચ્ચાંને બહુ વહાલ કરતી હતી. (✓)
2. બંધ કરી દે છે પહેલવાન ધિક્કારવાનું પોતાનાં બચ્ચાંને
3. ક્રોધે ભરાઈને રીંછડી બરાબરનો ટીપી નાખે છે રીંછને

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4. રીંછ કુટુંબ શિયાળામાં રહે છે એક જ રહેઠાણમાં

5. ડરતાં નહોતાં બચ્ચાં સહેજ પણ પહેલવાનથી

6. બાપને બચ્ચું વેર ત્રણ તમાચા વાળે છે ચોડીને

7. બીકથી બચ્ચાં પહેલવાનની બહાર નીકળતાં નથી બિલકુલ

**વાર્તામાં આ શબ્દ ક્યાં આવે છે તે શોધો અને વાર્તા મુજબ શબ્દનો અર્થ ધારો.**

- નર : માણસ, પાણીનો નળ, જે પિતા છે એ રીંછ
- માદા : પત્ની, રીંછડી, બીમાર રીંછ
- કદાવર : કાળું અને જોરદાર, મોટું અને તાકતવર, નાનું અને ભયંકર
- દિલચસ્પી : પ્રેમ, રસ, ધ્યાન

**વાક્યમાં શબ્દ અને અર્થ ચકાસો. વાક્ય ✓ છે કે ✗ તે કહો અને નિશાની કરો.**

1. દરજ્જો - હોદ્દો
   - નર રીંછ હવે કુટુંબમાં માદા રીંછ સામે પોતાનો દરજ્જો ઊંચો રાખવા મથતો હતો. ✓
   - આચાર્ય કરતાં શિક્ષકનો દરજ્જો ઊંચો છે. ✗
2. ગાળવું - પસાર કરવું (સમય)
   - સુરખાબ માત્ર શિયાળો ગાળવા ગુજરાતમાં આવે છતાંય તે આપણું રાજ્ય પક્ષી છે.
   - ગમે તે ઋતુ હોય પાણી તો ગાળીને જ પીવું જોઈએ.
3. લપકવું - ઝડપથી કૂદકો મારવો
   - આખરે બચ્ચાએ લપકીને બાપને બે-ત્રણ ઝાપટ મારીને પોતે નાનું હતું ત્યારનો બદલો લીધો.
   - કદાવર પહેલવાન જેવા મારા પપ્પા ગુસ્સામાં હતા એટલે હું ખૂણામાં લપકીને બેઠો રહ્યો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4. ઓસરી જવું - ઓછું થવું

- મને રોજ વહેલી સવારે કાકાના ઘરની ઓસરીમાં જઈને જમીન પર બેસી તડકો ખાવાની બહુ મજા પડે.
- જ્યારથી દાદીમાએ વાર્તાઓ વાંચવાનું શરૂ કર્યું છે ત્યારથી તેમનો ટી.વી. જોવામાંથી રસ સાવ ઓસરી ગયો છે.

**તમારી બાજુમાં બેઠેલા મિત્રને ત્રણ વખત તાળી આપો. કૌંસમાંથી શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. જે પહેલાં આવડી જાય એ પહેલાં પૂરો.**

(કૌટુંબિક, રાડારાડી, લપાતોછૂપાતો, ખૂણેખૂણામાં, શાળાકીય, દિલચસ્પી)

1. જે સંતાઈને આવતો કે જતો હોય તે - ________
2. એક કરતાં વધુ બૂમો પાડ્યા કરવી તે - ________
3. જે શાળાને લગતું હોય તે - ________
4. જે કુટુંબને લગતું હોય તે - ________
5. જે બધી બાજુ ફેલાયેલું હોય તે - ________
6. કોઈ પ્રવૃત્તિ કર્યા કરવાનો રસ - ________

**વાંચો અને પ્રશ્નોના જવાબ લખો.**

અમે દિવાળી વેકેશનમાં ગીર અભયારણ્ય જોવા માટે ગયા હતા. ગાઇડ સાથે ખુલ્લી કારમાં અમે જંગલમાં નીકળ્યા. પંખીઓનો કલશોર અને બીજા કેટલાક પહેલાં ક્યારેય ન સાંભળ્યા હોય તેવા અવાજો સાંભળવાનો મોકો મળ્યો. એટલામાં અમારી ગાડીને બ્રેક વાગી. એક સિંહ કુટુંબ અમારાથી ૩૦ ફૂટ દૂર બેઠું હતું : સિંહ, સિંહણ અને ત્રણ બચ્ચાં. ત્રણમાંથી એક બચ્ચાએ તો ભારે તમાશો કર્યો. દોડતું જઈ આંખો મીંચી બેઠેલા સિંહના માથે ચડી ગયું. એ જોઈ મેં મારા પપ્પા સામે જોયું, અમે બંને હસી પડ્યા. બચ્ચાના આમ અચાનક આવવાથી સિંહ સફાળો જાગી ગયો પણ ખીજે ભરાયો નહિ. બાકીનાં બે સિંહબાળ પણ પિતા સાથે ગેલ કરવા લાગ્યા. રમત રમતમાં એક બચ્ચાએ બીજા બચ્ચાને ઝાપટ લગાવી. માર ખાધેલું બચ્ચું સામું મારવા ગયું પણ પહેલું બચ્ચું તેને થાપ આપીને છટકી ગયું. અમે સિંહ કુટુંબની મોજ જોતા રહ્યા. અમને ત્યાં લાંબો સમય જોઈ સિંહે ત્રાડ નાખી. ગાઈડે ગાડી રિવર્સમાં લીધી. જંગલના રાજાની નામરજી જોઈ અમે પીછેહઠ કરી.

1. પ્રવાસીઓને શાની તક મળી? ________
2. સિંહ કેમ અચાનક જાગી ગયો? ________
3. કોણ કોને છેતરીને ભાગી ગયું? ________
4. સિંહ કેમ ગુસ્સે ન થયો? ________
5. બધા જોવા ઊભા રહી જાય તેવો ખેલ કોણે કર્યો? ________
6. કોણે કોને બરાબર માર્યું? ________

આ ફકરાનું શ્રુતલેખન કરાવો, વિદ્યાર્થીઓને જાતે તપાસી સુધારી લેવાનું કહો.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**આ વાર્તા તમે જાણતા હશો. તેમાં જે શબ્દો ખૂટે છે તે કૌંસમાંથી શોધીને લખો. (વાક્ય મુજબ શબ્દમાં ફેરફાર કરી શકશો.) (ઘરકામ)**

(તમાશો કરવો/સફાળા જાગવું/ઝડી વરસાવી/મેથીપાક ચખાડવો/ઢીબી નાખવું/થાપ આપવી)

ઊંટ અને શિયાળ શેરડી ખાવા ખેતરમાં ઘૂસ્યાં. પછી શિયાળે ________ કે મારે તો હવે ગીત ગાવું છે. ઊંટે ખૂબ સમજાવ્યું પણ શિયાળે તેની વાતમાંથી પીછેહઠ કરી નહિ. તેની જીદ સામે ઊંટે નમતું જોખી કહ્યું, ‘‘ભલે, પણ ધીમે ધીમે ગાજે. બાકી તારા ગાવાના અવાજથી ખેડૂત જાગી જશે તો આપણને ________. જેવું શિયાળે હુકી હુકી કરી ગાવાનું શરૂ કર્યું કે ખેડૂત ________ પોતાની ડાંગ લઈ અવાજ તરફ દોડ્યો. શિયાળ તો ચાલાક. તે તો ખેડૂતને ________ ભાગી ગયું. પરંતુ ઊંટ <u>ઝપટમાં આવી ગયું.</u> પોતાની શેરડીની દશા જોઈ તે ઊંટ પર એવો <u>ખીજે ભરાયો</u> કે ઊંટની પીઠ પર લાકડીની ________.

આમ, શેરડી ચાખવા ખેતરમાં ઘૂસેલા ઊંટને ખેડૂતે બરાબર ________.

**[ ] માં ‘બ’ વિભાગનો યોગ્ય ક્રમ લખો.**

| અ | બ |
|---|---|
| [ ] રહેઠાણ | 1. ક્રોધી, ખૂંખાર, ઝઘડાખોર |
| [ ] દેખાવ | 2. બખોલ, ખાઈ, ખાડો |
| [ ] કુટુંબ | 3. ઉનાળો, વસંત, શિયાળો, શરદ |
| [ ] સમય | 4. પંજો, વાળ, ગરદન, દાંત |
| [ ] સ્વભાવ | 5. નર, માદા, બચ્ચું |

**વાક્યનો અર્થ સમજીને કૌંસમાંથી યોગ્ય લાગતો શબ્દ બાજુમાં લખો.**

(સજા, પીછેહઠ, બચાવ, નફરત, મદદ)

**ઉદાહરણ :** પહેલવાન નવા જન્મેલ બચ્ચાંને સખત ધિક્કારતો હોય છે. નફરત

1. પહેલવાન માર સહન કરવા પંજા વડે મોં ઢાંકી દે છે. ________
2. ધાબડધીંગી કદાવર રીંછને બરાબરનો મેથીપાક આપે છે. ________
3. ધાબડધીંગીની બીકે પહેલવાન પાણીમાં જ પડ્યો રહે છે. ________
4. હવામાં ફેંકાયેલું રીંછડું બૂમાબૂમ કરીને માતાને બોલાવે છે. ________
5. અપરાધી બાપને ધાબડધીંગીએ જબરો ઢીબી નાખ્યો હતો. ________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

6. બચ્ચું મુશ્કેલીમાં રાડ પાડીને સહાય માગતું હોય છે. ____________

7. ધાબડધીંગી પાણીમાં છલાંગ લગાવીને બચ્ચાંની રક્ષા કરે છે. ____________

8. પહેલવાન અપમાન ભૂલીને ખૂણામાં છુપાઈ ગયો. ____________

- **ડુંગરદાદાની દીકરીને યાદ કરીએ... ડુંગરદાદાની દીકરી...**

**કૌંસમાં આપેલા ક્રિયા દર્શાવતા શબ્દો લાગુ પડતા ખાનામાં લખો.**

(તમાચા મારવા, બચાવ કરવો, ખરાબ નજર, ઢીબી નાખવું, ભેગાં સૂવું, ટીપી નાખવું, પાણીમાં ડુબાડવું, રહેઠાણ શોધવું, હિંમતથી ફરવું, મેથીપાક ચખાડવો, અધ્ધર ફેંકવું, ઝનૂની પ્રહાર, છૂપું રાખવું, ફટકો મારવો, ઝડી વરસાવવી, સાહસ બતાવવું, રસ્તો રોકવો, તૂટી પડવું, આંટા મારવા, પંજાથી ફટકારવું, ગુસ્સો કરવો, કૂદી પડવું, આઘું રાખવું, પકડી લેવું, બેફિકર રહેવું, ભારે પંજો મારવો)

| ધાબડધીંગીની બહાદુરી | ધાબડધીંગીની સાવચેતી | પહેલવાનની નફરત | બચ્ચાંની નીડરતા |
|---|---|---|---|
| મેથીપાક ચખાડવો, | | | |

**'ધાબડધીંગીનો માતૃપ્રેમ' જણાય ત્યાં 'મા તે મા' અને પહેલવાનનો ધિક્કારભાવ જણાય ત્યાં 'અરેરે!' લખો.**

1. પોતાનાં નવાં જન્મેલાં બચ્ચાં સહેજપણ ગમતાં નહોતાં. (અરેરે!)
2. પાણીમાં કૂદીને બચ્ચાંને બચાવે છે. (                    )
3. બચ્ચાંની સાવચેતી માટે સલામત જગ્યા શોધી લે છે. (                    )
4. બચ્ચાં પર વારંવાર ઘા કરવાના પ્રયત્નો કરે છે. (                    )
5. દરેક હુમલાનો જોરદાર જવાબ આપીને બચ્ચાંને બચાવી લે છે. (                    )

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

6. બચ્ચાંની ચીસ સાંભળતાં જ ગુસ્સે ભરાય છે અને પહેલવાનને બરાબરનો ટીપી નાખે છે.
( )
7. બચ્ચાંની બોચી પકડીને પાણીમાં ઊંડું ઝબોળે છે. ( )
8. બચ્ચાંના ઉછેરમાં મશગૂલ રહે છે. ( )
9. બખોલમાં જતાં બચ્ચાંને રોકવાની કોશિશ કરે છે. ( )
10. બચ્ચાંઓ તરફ ખરાબ નજર નાખનારને સાવધાનીપૂર્વક દૂર રાખે છે. ( )
11. ભારે પંજાનો ફટકો મારીને બચ્ચાને ઊંચે ફેંકી દે છે. ( )

## ઘટના ક્યારે બને છે તે દર્શાવવા ઋતુનું નામ લખો. (ઘરકામ)

(ઉનાળો, વસંતઋતુ, શિયાળો, શરદઋતુ)

1. ધાબડધીંગી બચ્ચાંની કાળજી ઓછી રાખે છે. ______
2. જમીનમાં ખાડા ખોદીને મોટે ભાગે આરામ કરે છે. ______
3. રીંછ કુટુંબ વચ્ચે મતભેદો ઓછા રહે છે. ______
4. ધાબડધીંગી બચ્ચાં સાથે રહેવા જુદું સ્થળ શોધી લે છે. ______
5. પહેલવાન બચ્ચાનું ડોકું પાણીમાં ડુબાડી દે છે. ______
6. રીંછડી બચ્ચાંને પહેલવાનથી છૂપી જગ્યાએ સંતાડે છે. ______

## પ્રશ્નોના ઉત્તર આપો.

1. ધાબડધીંગી પહેલવાનને કેમ ફટકારે છે?
2. તમને ધાબડધીંગીની કઈ બાબતો સારી લાગી? કેમ?
3. ધાબડધીંગી પોતાનાં બચ્ચાંને શા માટે સાચવતી હતી?
4. ધાબડધીંગીનું બચ્ચાં પ્રત્યેનું વહાલ ક્યારે ક્યારે જોવા મળે છે?
5. રીંછકુટુંબમાં કાનૂન અને વ્યવસ્થા કઈ રીતે જળવાય છે? કોણ જાળવે છે?
6. 'પહેલવાનને પોતાનાં બચ્ચાં ગમતાં નથી.' - એવી તમને કઈ રીતે ખબર પડી?
7. રીંછ વિશે નવું શું જાણવા મળ્યું?
8. બચ્ચાએ પહેલવાનને શા માટે તમાચા માર્યા હતા?
9. જો કોઈનાં મમ્મી ધાબડધીંગી જેવાં અને પપ્પા પહેલવાન જેવા હોય તો તમે તેઓની સાથે શી/કેવી વાતચીત કરો?


- આ પ્રશ્નોમાંથી કોઈ પણ ત્રણ પ્રશ્નોના જવાબ લખો.

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

એક જુદા પ્રકારના રીંછને મળીએ. ગાઓ.

## સિંહની પરોણાગત



રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી;
સામે રાણા સિંહ મળ્યા રે, આફત આવી મોટી.
ઝૂકી ઝૂકી ભરી સલામો, બોલ્યું મીઠાં વેણ;
''મારે ઘેર પધારો રાણા! રાખો મારું કહેણ.
હાડચામડાં બહુ બહુ ચૂંથ્યાં, ચાખોજી મધ મીઠું;
નોતરું દેવા ખોળું તમને, આજે મુખડું દીઠું.''
રીંછ જાય છે આગળ, એના પગ ધબધબ,
સિંહ જાય છે પાછળ, એની જીભ લબલબ.
''ઘર આ મારું જમો સુખેથી, મધની લૂમેલૂમ.''
ખાવા જાતાં રાણાજીએ પાડી બૂમાબૂમ.
મધપૂડાનું વન હતું એ, નહીં માખોનો પાર;
બટકું પૂડો ખાવા જાતાં વળગી લારોલાર.
આંખે, મોઢે, જીભે, હોઠે ડંખ ઘણેરા લાગ્યા;
''ખાધો બાપ રે!'' કરતા ત્યાંથી
વનરાજા તો ભાગ્યા.
રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં
લીધી સોટી;
સામે રાણા સિંહ મળ્યા'તા,
આફત ટાળી મોટી.

– રમણલાલ સોની

- **વાતચીત :**
  - આ ગીતમાં કઈ પંક્તિઓ ગાવાની સૌથી વધુ મજા પડી?
  - સિંહ મધપૂડા ખાવા ગયો એ સમયે રીંછ શું કરતું હશે?
  - તમને સિંહ સામે મળી જાય તો તમે શું કરો?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તમે કોઈ વાર આફતમાં ફસાયા છો? તે વિશે બધાંને કહો.
- તમારા ઘરે મહેમાન આવે ત્યારે શું જમાડો છો?
- તમે મધપૂડો જોયો છે? ક્યાં?
- તમને ક્યારેય મધમાખી ડંખી છે? તમે ડંખ વિશે શું સાંભળ્યું છે?
- મધમાખી ડંખે ત્યારે તરત શું સારવાર કરાય છે?
- **આ કવિતા આપણે કંઠસ્થ કરીશું.**

**સાચા વાક્યની સામે 'લૂમાલૂમ' અને ખોટા વાક્યની સામે 'બૂમાબૂમ' લખો.**

1. સિંહને સામે જોઈ રીંછ બહુ જ ખુશ થયું. ________
2. રીંછ સિંહને કેટલાય દિવસોથી શોધતું હતું. ________
3. સિંહને મધ ખૂબ ભાવતું હતું. ________
4. રીંછ સિંહને પોતાના ઘરે લઈ જાય છે. ________
5. રીંછ ચતુર હતું. ________
6. રીંછ અને સિંહ પાકા મિત્રો હતા. ________
7. રીંછે સિંહને મધ પીરસ્યું. ________
8. રીંછે સિંહને ભગાડ્યો. ________

**નીચેનાં વાક્યો માટે કવિતામાં કયાં શબ્દજૂથ વપરાયાં છે તે શોધીને લખો.**

મારું કહ્યું માનો - રાખો મારું કહેણ
તમને નિમંત્રણ આપવા શોધું છું. - ________
માંસાહાર બહુ કર્યો - ________
તમારું આજે દર્શન થયું. - ________
સિંહે રાડારાડ કરી મૂકી. - ________
રૂંવે રૂંવે માખ વળગી - ________

**વિચારીને ✓ કરો. (જોડીકાર્ય)**

| વિગત | સિંહને ખબર નહોતી | સિંહને ખબર ન પડી |
|---|---|---|
| રીંછ તેના કરતાં વધુ બુદ્ધિશાળી છે. | | |
| રીંછ ખોટેખોટી સલામો ભરી રહ્યું છે. | | |
| રીંછ એના ઘરે નહીં, પણ બીજે કશે લઈ જાય છે. | | |
| નાનકડી મધમાખીનો ડંખ ભારે હોય છે. | | |
| મધપૂડો તોડવાથી મધમાખીઓ છંછેડાય છે. | | |



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

રીંછે ઘરે જઈને રીંછણને આખા દિવસના અનુભવ વિશે શું કહ્યું હશે? લખો અને વર્ગમાં વાંચી સંભળાવો. (ઘરકામ)

પ્રશ્નો મોટેથી વાંચો અને જવાબ ધીમેથી આપો.

1. રીંછ મોટી આફત કોને ગણે છે?
2. રીંછ સિંહને નિમંત્રણ આપતાં જે જે વાત કરે છે તે સાચું બોલે છે કે ખોટું?
3. રીંછ હોશિયાર છે એવું કેવી રીતે ખબર પડે છે?
4. રીંછ આગળ શા માટે ચાલે છે?
5. સિંહ પાછળ શા માટે ચાલે છે?
6. રીંછને મધમાખીઓ ડંખતી હશે? કેમ?
7. રીંછની આફત કેવી રીતે દૂર થઈ?
8. કવિતાની પહેલી બે પંક્તિઓ અને છેલ્લી બે પંક્તિઓ વચ્ચે શો ફરક છે? એવો ફરક શા માટે છે?

- આ પૈકી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ લખો.

બનીએ લેખક.... (જૂથકાર્ય)

1. તમે આ કવિતા સાંભળી, ગાઈ અને તેની પ્રવૃત્તિઓ કરો.

- હવે ત્રણ-ચાર મિત્રોનું જૂથ બનાવો. ફરીથી કવિતાને યાદ કરો. મધમાખીઓના ડંખ ખાધા પછી સિંહે શું કર્યું હશે એ વિચારો. તે પરથી વાર્તા બનાવીને કોઠામાં લખો. એ માટે શરત એટલી જ છે કે વાર્તામાં રીંછ કે સિંહ મરવા ન જોઈએ.
- તમારી વાર્તા વર્ગમાં સંભળાવો.

- હવે કવિતા જ ગાઈશું હો... 'સિંહની પરોણાગત'

શબ્દ વાંચતાંની સાથે જે જે શબ્દો યાદ આવે તે નીચેના કોઠામાં નોંધો.

| રખડપટ્ટી | જંગલ | પંખી | ઍરપૉર્ટ | તળાવ | પાદર | પલંગ |
|---|---|---|---|---|---|---|
| | | | વિમાન | | | |
| | | | વાદળ | | | |
| | | | બારી | | | |
| | | | પ્રવાસ | | | |
| | | | પાઈલટ | | | |

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- કોઠામાં લખેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્યો બનાવો.
- વાક્યોને એવી રીતે ક્રમમાં ગોઠવો જેથી એક મસ્ત વાર્તા કે પ્રસંગ તૈયાર થઈ જાય.

**આ કવિતા અનેક ઢાળમાં ગાઈ શકાય છે. એને જુદા જુદા ઢાળે ગાઓ.** જેમ કે, દુહાનો ઢાળ, ભજન સ્વરૂપે, સનેડાનો ઢાળ, કોઈ ફિલ્મી ગીતનો ઢાળ, તમે નવા ઢાળ શોધો... અથવા બનાવો અને ગાઓ.

**હેપ્પી બર્થડે! કહો, તમે શું કરશો?**

- પાંચ દિવસ પછી તમારાં દાદીનો જન્મદિવસ છે, તમે સરપ્રાઇઝ પાર્ટી આપવા માંગો છો, કોની કોની સાથે મળી આયોજન કરશો?
- તે માટે શું આયોજન કરશો?
- તે માટે આમંત્રણ આપવા સૌને કેવો મેસેજ મોકલશો?
- તે માટે પપ્પા ફળિયા/સોસાયટીમાં રહેનારાઓને રૂબરૂ આમંત્રણ આપવા તમને મોકલે છે, તો બધાને ઘરે જઈ તમે શું શું કહેશો?
- દાદી માટે બર્થ-ડે કાર્ડ બનાવશો? શામાંથી બનાવશો?
- કાર્ડનો આકાર કેવો અને કેવડો હશે? એમાં શું શું દોરશો?
- કાર્ડમાં રંગ પૂરશો કે દાદીનો ફોટો ચોટાડશો? દાદી વિશે શું લખશો? દાદી વિશે પપ્પાને શું શું પૂછશો?

**ચાલો, 'કુહૂ'ને યાદ કરો. મૂળ નામ નીચે લીટી કરો અને પાડેલાં નામ ફરતે ◯ કરો.**

**ઉદાહરણ :** મેં એક <u>પર્વત</u> જોયો છે. એનું નામ (ગિરનાર) છે.

એક <u>એક્ટર</u> મને ગમે છે. એનું નામ (અમિતાભ) છે.

1. મેં પોપટ પાળ્યો છે. તેનું નામ બાદશાહ રાખ્યું છે.
2. જિજ્ઞાસા મારી નાની બહેન છે.
3. દાદા જે ઓશીકું વાપરે છે તેને અમે દાદાશીકું કહીએ છીએ.
4. મોટા દવાખાનાનું નામ ગાંધી હૉસ્પિટલ છે.
5. તમને ખબર છે નેહાને કયો વિષય ગમે? ગુજરાતી.
6. વિષ્ણુભાઈ સરપંચનું ઘર વિજય સોસાયટીમાં આવેલું છે.

**મૂળ નામ અને પાડેલાં નામની જોડ બનાવો.**

(નદી, તાજમહેલ, પર્વત, દેશ, અમદાવાદ, રાજ્ય, સાબરમતી, બકરી, ભીમસેન, હંસા, શહેર, પાવાગઢ, કવિ, ગુજરાત, ઈમારત, કબીરવડ, છોકરી, ભારત, વૃક્ષ, માતૃકૃપા, પહેલવાન, ઘર, રમેશ પારેખ, શકરી)


મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| ક્રમ | મૂળ નામ | પાડેલું નામ | ક્રમ | મૂળ નામ | પાડેલું નામ | ક્રમ | મૂળ નામ | પાડેલું નામ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | 5 | | | 9 | | |
| 2 | | | 6 | | | 10 | | |
| 3 | બકરી | શકરી | 7 | | | 11 | | |
| 4 | | | 8 | | | 12 | | |

**એકમ-3 (પીંછીએ પકડ્યો)નો ફકરો 3 અને એકમ-8 (છેલ્લું પતંગિયું)નો ફકરો 2 વાંચો અને તેમાં મૂળ નામ અને પાડેલાં નામ શોધી લખો.**

**ચિત્રો જુઓ. એક-એક મળીને જૂથ કઈ રીતે બને છે તે કહો.**

1. વડાપ્રધાન



2. ફૂલ



3. ગુલાબ



4. પેન્સિલ



5. જ્વાળામુખી





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## એક હોય તો શું કહેવાય અને જૂથ કે સમૂહ હોય તો શું કહેવાય?

**ઉદાહરણ :** એક હોય તો ગાય, ઘણી ગાય ભેગી હોય તો ધણ કહેવાય.

| એક | જૂથ | એક | જૂથ | એક | જૂથ | એક | જૂથ | એક | જૂથ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| દ્રાક્ષ | ઝૂમખું | ગાય | ધણ | ભેંસ | ખાડું | દાંત | ચોકઠું | કોથમીર | ઝૂડી |
| મકાન | | સૈનિક | | બિસ્કિટ | | | ઝૂડો | ઘાસ | |
| | બજાર | | લૂમ | | લચ્છો | | ટોળું | | પોટલું |
| મોતી | | પતંગ | | પક્ષી | | વિદ્યાર્થી | | | ભારો |
| | ઢગલો | | બંડલ | | કાફલો | | ગુચ્છ | | કંટી |

- **કોઠો ન સમજાય તો આ ફકરો તમારી મદદ કરશે :** પ્રીતિબેન દસની નોટોનું બંડલ લઈને ખરીદી કરવા નીકળ્યાં. તેમણે બજારની એક દુકાનેથી કોથમીરની ઝૂડી અને બીજી દુકાનેથી દ્રાક્ષનાં બે ઝૂમખાં લીધાં. ગાંધી બજારના 'સ્મિત કટલરી સ્ટોર' પરથી તેમણે દીકરી માટે મોતીની ત્રણ સેરવાળી માળા લીધી. બાજુની દુકાનેથી એક કોડી પતંગ અને પાંચ લચ્છા દોરી લીધી.

## જે વાક્ય યોગ્ય હોય તેની સામે 'બોલાય' અને અયોગ્ય હોય તેની સામે 'ન બોલાય' લખો. 'ન બોલાય' પ્રકારનાં વાક્ય સુધારીને બોલો.

1. મારા સ્કૂટરમાં પાંચ નંગ પેટ્રોલ ભરી દો. ____________
2. દાદાએ બપોરે દસ ગ્રામ ઊંઘ લીધી. ____________
3. બગીચાથી નવીનભાઈની દુકાન 2 કિ.મી. દૂર છે. ____________
4. સીમાએ ડબો ભરીને ચીસ પાડી. ____________
5. સુરેશ, સાત કેળાં લઈ લે. ____________
6. આજે તો ગાડું ભરીને લેસન છે. ____________
7. અમે આજે બે કિલોમીટર હસ્યાં. ____________
8. દિવાળીમાં એકવીસ દિવસનું વેકેશન છે. ____________

હવે કહો કે અમુક વાક્યો સામે તમે 'ન બોલાય' શા માટે લખ્યું?

## સમૂહમાં કામ કરો. ગણી શકાય કે માપી શકાય? લખો. ઉદાહરણ પ્રમાણે જરૂરી શબ્દ નીચે લીટી કરો.

**ઉદાહરણ :** બિલાડી <u>દૂધ</u> પી ગઈ : માપી શકાય.

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

1. સોમાભાઈએ <u>ઘઉં</u> વાવ્યા. ______ 2. જયાની બુટ્ટી ચાંદીની છે. ______

3. કપડાં ધોવાના સાબુ આપો ______ 4. શેરડીમાંથી ગોળ બને. ______

5. પેટ્રોલના કૂવા હોય, ખબર છે? ______ 6. હેતલના ઘરનો દરવાજો <u>લોખંડ</u>નો છે. ______

7. રસોડામાં લોટનો ડબો છે. ______ 8. બધાં દફતરમાં પાઠ્યપુસ્તક છે. ______

9. ક્રિશ્ના સાયકલમાં <u>હવા</u> પુરાવવા ગઈ. ______

**દરેક વાક્યમાંથી ગણી શકાય અને માપી શકાય તેવી વસ્તુઓ છૂટી પાડો. ગણી શકાતી વસ્તુ પર ◯ અને માપી શકાતી વસ્તુ નીચે ____ કરો.**

- થેલીમાં પાંચ કિલોગ્રામ શાક આવી ગયું.
- રાજુએ લિટર દૂધની પાંચ કોથળી ખરીદી.
- પાર્થે વાટકો ભરીને દાળ પીધી.
- દાદા દર વખતે બે જોડી ચશ્માં બનાવડાવે.
- એક કપ ચા બનાવવા કેટલી ચમચી ખાંડ જોઈએ?
- દાંત સાફ કરવા તમે શું વાપરો, દંતમંજન કે ટૂથપેસ્ટ?
- પક્ષીઓ કૂંડામાં ભરેલું પાણી પી ગયાં.
- અધમણ તડકો એક પડદાથી જતો રહ્યો.
- ફુગ્ગામાં નાઈટ્રોજન વાયુ હોય એટલે તે ઊંચે ચઢે.
- આ ચંપલ શાનાં છે - ચામડાનાં કે પ્લાસ્ટિકનાં?

- **ચાલો, એક વખત 'સિંહની પરોણાગત' કરી લો.**

**વાંચો અને પ્રશ્નોના જવાબ આપો.**

**1. આ વાર્તામાં તમને ખૂબ ગમ્યાં હોય, વાંચવાની મજા આવી ગઈ હોય તેવાં વાક્ય કે વાક્યખંડ નીચે લીટી કરો. તેમાંથી એક-બે વાક્યખંડ QR કોડ મારફતે તમે સાંભળ્યાં હતાં તે રીતે વાંચો.**

- લીટી કરતાં પહેલાં વિદ્યાર્થીએ કયાં બે કામ કરવા પડશે?
- આ પ્રવૃત્તિ પહેલાં વિદ્યાર્થીઓએ શું સાંભળ્યું હશે? કઈ રીતે?
- શું વિદ્યાર્થીએ દરેક વખતે આખા વાક્ય નીચે લીટી કરવાની થશે?
- વાક્ય વાંચતી વખતે વિદ્યાર્થીઓએ શું ધ્યાન રાખવાનું થશે?
- તમારા મિત્રને આ વાર્તાના કયાં વાક્ય ગમ્યાં છે, તે તમને કઈ રીતે ખબર પડશે?
- તમારા મિત્ર વાક્ય વાંચતા હોય ત્યારે તમે શું ધ્યાન રાખશો?

**2. લીટી કરેલા શબ્દને બદલે કૌંસમાં આપેલો કયો શબ્દ મૂકવાથી વાક્યનો અર્થ નહિ બદલાય? તે શબ્દ પર ✓ કરો. વર્ગમાં સમૂહચર્ચા કરી તમારો જવાબ તપાસો.**

- વાક્યમાં કૌંસમાં આપેલા શબ્દ અને લીટી કરેલા શબ્દ વચ્ચે શો સંબંધ હશે?
- કૌંસમાંના શબ્દ પર ✓ કરવા માટે તમે શું વિચારશો?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- વાક્યમાં લીટી કરેલા શબ્દ જેવો જ અર્થ હોય તેવા કેટલા શબ્દ કૌંસમાં હશે?
- તમે યોગ્ય શબ્દ પર ✓ કર્યું છે તે કઈ રીતે ખબર પડશે?
- શિક્ષકે આ પ્રવૃત્તિમાં શું કરવાનું થશે?
- તમારો જવાબ સાચો ક્યારે ગણાય?

**3. આ એકમ ભણતાં ભણતાં સૂર્ય, ચંદ્ર, તારા, વાદળ, પહાડ, વૃક્ષ, નદી જેવાં કુદરતી તત્ત્વો અને માણસે બનાવેલી જે ચીજવસ્તુઓ, બાંધકામ વગેરે વિશે તમને અચરજ થયું તે માટેના શબ્દો એકમને અંતે આપેલી અચરજ પોટલીમાં લખો.**

- એકમમાં શેના વિશેના શબ્દો આવતા હશે?
- આવા શબ્દો શોધવા તમે શું કરશો?
- તમને અચરજ થયું કે નહિ તેની ખબર કેવી રીતે પડશે?
- અચરજ પોટલી શોધવા ક્યાં જશો?
- આ એકમ ભણતી વખતે વિદ્યાર્થીને કયો ભાવ/લાગણી વધારે થયાં હશે?

**4. જોડીમાં કામ કરો. પહેલાં આખો ફકરો સળંગ સડસડાટ વાંચો. પછી ખૂબ હસો. અહીં બે ફકરાના વાક્ય ટુકડા ભેગા થઈ ગયા છે. ટુકડા છૂટા પાડો. એમ બે ફકરા તૈયાર કરો.**

- આ સૂચના પ્રમાણે તમારે કેટલાં કામ કરવાનાં થશે?
- આ પ્રવૃત્તિમાં સૌથી પહેલાં તમે શું કરશો?
- તમારે વાક્ય ટુકડા લગભગ કેટલી વખત વાંચવા પડશે?
- ફકરો વાંચતી વખતે તમને હસવું શા માટે આવશે?
- અહીં વિદ્યાર્થીએ એકલા કરવાની હોય તેવી ક્રિયા કઈ?
- આ પ્રવૃત્તિ તમે કરી લેશો ત્યારે તમારી પાસે શું લખેલું હશે?

**વાક્યના ટુકડા સાર્થક રીતે જોડો. ઉદાહરણ પ્રમાણે ગોઠવીને બીજો ફકરો બનાવો.**

| | | |
|---|---|---|
| 1. | પપૈયાના છોડ નર અને માદા | તે પ્રકાર ઓળખી શકાય છે. |
| 2. | ડાળખીની ગોઠવણ પરથી | આ રીતે ફળ થાય છે. |
| 3. | બંને પ્રકારના છોડ પર | એમ બે પ્રકારના હોય છે. |
| 4. | ફળ ફક્ત | માદા પપૈયાને થાય છે. |
| 5. | ખજૂરના ઝાડમાં પણ | ફૂલ બેસે છે. |
| 6. | ચોખાને મીઠાવાળા પાણીમાં | ચોખાને સૂતરાઉ કપડાં પર પાથરી દો. |
| 7. | પછી તે પાણી નિતારી | તેમાં પેલા ચોખા નાખો અને ફૂલ તાપે શેકો. |
| 8. | એક વાસણમાં | મમરા તૈયાર. |
| 9. | મીઠું બરાબર ગરમ થઈ જાય પછી | બે-ત્રણ કલાક પલાળી રાખો. |
| 10. | ધાણીની જેમ | મીઠું ગરમ કરવા મૂકો. |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | |
|---|---|
| પપૈયાના છોડ નર અને માદા એમ બે પ્રકારના હોય છે. ડાળખીની ગોઠવણ પરથી તે પ્રકાર ઓળખી શકાય છે. બંને પ્રકારના છોડ પર ફૂલ બેસે છે. ફળ ફક્ત માદા પપૈયાને થાય છે. ખજૂરના ઝાડમાં પણ આ રીતે ફળ થાય છે. | |

**દરેક વાક્યમાં કશીક ભૂલ છે, શોધી કાઢો અને વાક્ય સુધારો. સુધારેલું વાક્ય મોટેથી વાંચો.**

**ઉદાહરણ :** શિયાળાનો ~~કડક~~ તડકો મીઠો લાગતો હતો. (કૂણો)

1. સૂરજ આથમ્યો અને અજવાળું થયું.
2. મનીષનો જે દાંત પડી ગયો હતો ત્યાં તેને નવી દાઢ ફૂટી.
3. ધોમધખતી ઠંડી હતી એટલે મેં બે સ્વેટર પહેર્યાં.
4. કૂતરો બટકું ભરે તો ઈન્જેક્શન મુકાવવાં પડે.
5. દિવાળી પહેલાં ખૂબ ઠંડી પડે.
6. દરેક સત્ર વેકેશન પછી પુરું થાય.
7. ડોલ પાણીથી ભરાઈ જતાં મુન્નીએ નળ ચાલુ કર્યો.
8. ચોમાસામાં ધરતીએ પીળી સાડી પહેરી હોય તેવું લાગે છે.
9. સમીરને દાખલો આવડતો નહોતો એટલે તેણે ગણી કાઢ્યો.

**તે પહેલાં કે પછી શું થયું હશે? દરેક મુદ્દા માટે ઓછામાં ઓછી બે ઘટના કહો અને લખો.**

**ઉદાહરણ :**

- રાતનો સમય હતો. અચાનક વીજળી જતી રહી... અને એકાએક અંધારું થઈ ગયું... એટલે નાનકડી ચકી મોટેથી રડવા માંડી.
- બધાં બારી-બારણાં બંધ કરી તેના પર કાળા પડદા લગાવ્યા. જેવો છેલ્લી બારી પર પડદો લાગ્યો... અને એકાએક અંધારું થઈ ગયું... અમને લાગ્યું જાણે સૂર્યગ્રહણ થયું.

1. ________________ શીરીન કાંઈ જોયા વગર દોડી અને લપસી પડી. શીરીનના ઢીંચણ છોલાઈ ગયા. એને આરોગ્ય કેન્દ્રમાં લઈ ગયા. ________________
2. ________________ ________________ અને અમે મોટેથી હસી પડ્યા.
3. ________________ મંડપ તૂટી પડ્યો. ________________
4. ________________ હું રાજી રાજી થઈ ગયો/ગઈ. ________________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

5. ______________ ચોપડીઓ પલળી ગઈ. ______________

6. ______________ કરણ ચૂપચાપ દવા પીવા માંડ્યો. ______________

7. ______________ પપ્પા ગુસ્સે થઈ ગયા. ______________

8. ______________ ગોદડી ઓઢી લીધી. ______________

9. ______________ ડબામાંનો નાસ્તો ઢોળાઈ ગયો. ______________

**વાક્ય વાંચો અને બરાબર ન લાગતો શબ્દ છેકી નાખો.**

1. ઘરની બારીમાંથી પર્વત નજીક/આઘો લાગતો હતો, પણ પર્વત દૂર જતો ગયો.
2. સાંજ સુધીમાં પર્વત પર ચડી/ઊતરી જવાશે અને સવારે તો ચડીને/ઊતરીને ઘરે પાછા આવી જવાશે.
3. પર્વત સૂતો/જાગતો હતો, એના ઉપર રહેતા માણસો જાગતા/સૂતા હશે.
4. પહાડ ઉપરથી/નીચેથી ચંદ્ર અને તારા એટલા જ ઊંચે/નીચે લાગતા હતા જેટલા તળેટીમાં ઘરેથી લાગતા હતા.
5. પર્વત પર રહેનારાં વિશે છોકરાંને ઘણું આશ્ચર્ય થતું પહેલાં/પછી તેનું બધું અચરજ જતું રહ્યું.
6. છોકરો પર્વત પાસે/દૂર તો ઝડપથી પહોંચી ગયો, પછી/પહેલાં વેલા પકડી ધીમે ધીમે પર્વત ચડવા/ઊતરવા લાગ્યો.
7. છોકરાને થતું ચંદ્ર રાજી હોય ત્યારે વધે/ઘટે છે, ગમગીન હોય ત્યારે ઘટે/વધે છે.
8. છોકરો પર્વત તરફ આગળ/પાછળ વધતો ગયો, તેનું ગામ, ઘર પાછળ/આગળ છૂટતાં ગયાં.

**ફકરો વાંચો અને પ્રશ્નોના જવાબ આપો.**

આ તો બંદર છે કે બટાકું!

જેની લંબાઈ માત્ર 5 સેન્ટિમીટર અને વજન 10 ગ્રામ હોય એવું સજીવ કયું હોય? તમારા મનમાં ઈયળ, વંદા કે બહુ બહુ તો નાનાં દેડકાં કૂદ્યાં હશે. ના, તે એક પ્રાણી છે અને તે આપણા પૂર્વજોની એક જાત છે. આપણી આંગળી જેટલું કદ ધરાવતાં વાંદરાની આપણે વાત કરી રહ્યા છીએ. પિગ્મી મોર્માસેટસ જાતિનાં વાંદરાં દુનિયાનાં સૌથી ટબૂકડાં વાંદરાં છે. તમારી સૌથી મોટી આંગળી જેટલાં. આટલી સાઈઝ તો એ જન્મે ત્યારે હોય છે. એ વખતે બચ્ચું એક નાનકડા બટાકા જેવડું દેખાય છે. મોટાં થઈ જાય ત્યારે તેમનું વજન 100 ગ્રામ જેટલું હોય અને તેમની ઊંચાઈ 12 થી 15 સેન્ટિમીટર સુધી જ પહોંચે છે, પણ તેમની પૂંછડી તો 20 સેન્ટિમીટર જેટલી લાંબી બની જાય છે. આ વાંદરાંનું આયુષ્ય લગભગ 12 વર્ષ જેટલું જ હોય છે. તમારે આવાં વાંદરાં જોવાં છે? તો તો તમારે પશ્ચિમ બ્રાઝિલ, પેરુ, કોલંબિયા કે દક્ષિણ અમેરિકાનાં વરસાદી જંગલોમાં જવું પડે. દુનિયાના નકશામાં જોજો અને જજો. જલદી જજો કેમ કે વાંદરાંની આ જાતિ ધીમે ધીમે વિલુપ્ત થઈ રહી છે. શક્ય છે કે થોડાંક વર્ષ પછી તે જોવા ન મળે.

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

1. આ ફકરામાં દર્શાવેલાં છે એ જ સાઇઝનાં જન્મ સમયનાં અને મોટાં બંને વાંદરાં દોરો.
2. આ વાંદરાંને ટબૂકડાં કેમ કહ્યાં હશે?
3. એક પિગ્મી મોર્માસેટસ દસ વર્ષનો છે તો તેને બાળક કહેવાય, યુવાન કે વૃદ્ધ? શા માટે?
4. મોટાં થાય ત્યારે પિગ્મી વાંદરાનું વજન તેમના જન્મસમય કરતાં આશરે દસગણું વધે છે. ખરું કે ખોટું?
5. પિગ્મી વાંદરાં આશરે કેટલાં વર્ષ જીવે છે?
6. પિગ્મી વાંદરાંની વસતી દિવસે દિવસે વધતી જાય છે કે ઘટતી જાય છે?
7. તમને આ વાંદરા વિશે સૌથી વધુ અચરજ શાનું થયું?
8. અંદાજ લગાવો : 'વિલુપ્ત'નો અર્થ શો થાય?

## હસો.

શિક્ષક : આ પક્ષીના પગ જોઈને તેનું નામ કહો.

ભગો : સાહેબ, ખબર નથી.

શિક્ષક : તો તારા શૂન્ય માર્ક. બોલ, તારું નામ શું?

ભગો : (પગ ઊંચો કરી) લ્યો સાહેબ, પગ જોઈ લખી લો.

- **લગભગ સરખા :**

**ધપતી જાય** - આગળ ધસતી જાય; **પટ** - નદીની પહોળાઈ; **નાવણ** - સ્નાન, નાહવાની ક્રિયા; **નવજાત** - નવું - તરતનું જન્મેલું; **નોખું** - જુદું, અલગ; **ગોતી લેવું** - શોધી લેવું; **હેળમેળ કરાવવો** - સંપ કરાવવો; **કદાવર**-________________ ; **ત્રાંસી નજર રાખવી** - કતરાતી આંખે જોવું; **ખીજે ભરાવું**-ગુસ્સે થવું; **નમતું મૂકવું**-હાર કબૂલ કરવી; **કારમું**-દર્દ ભરેલું; **દિલચસ્પી**-રસ, રુચિ; **ઓસરી જવું**-ઓછું થવું; **હિમ**-બરફ; **થાપ આપવી**-છેતરવું; **નજર ઠેરવવી**-દૃષ્ટિ સ્થિર કરવી; **લપકવું**-એકદમ ધસવું કે કૂદી આવવું; **પરોણાગત**-મહેમાનગીરી; **વેણ**-વચન, વાક્ય; **કહેણ**-તેડું, નોતરું; **લારોલાર**-એક હારમાં; **પરોણાગત**-મહેમાનગતિ

| • શબ્દભંડાર : | • અજરજ પોટલી : |
|---|---|
| | |

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તને સાંભરે રે...

- રીંછ વિશે તમે કઈ કઈ નવી વાતો જાણી?
- એકમ દરમિયાન તમને કઈ કઈ વાતે હસવું આવ્યું હતું?
- વાર્તામાં કઈ વાત/બાબત બે-ત્રણ વાર વાંચ્યા પછી સમજાઈ?
- એકમના જે શબ્દ બોલવાની મજા પડે તેવા લાગે એ શબ્દ મોટેથી બોલો.
- શ્રુતલેખનમાં તમારે કેવા-કેવા સુધારા કરવા પડેલા? ત્રણ-ચાર નમૂના કહો.
- બીજાં કયાં પ્રાણીઓના સ્વભાવ કે ખાસિયત વિશે વર્ગમાં શી વાત થઈ હતી?
- પહેલવાન પર સૌથી વધુ ગુસ્સો ક્યારે આવેલો?
- ધાબડધીંગીના કયા કામ માટે 'શાબાશ' કહેવાનું મન થયેલું?
- આ વાર્તા તમે ઘરે કે મિત્રોને કહી હતી? વાર્તા સાંભળીને તેમણે શું કહ્યું?
- બખોલવાળો ફકરો, તેની વાર્તા યાદ છે? જેટલી યાદ હોય તેટલી કહો.
- આ પાઠમાં સૌથી વધુ ગમેલી અને સૌથી ઓછી ગમેલી બે-બે પ્રવૃત્તિઓનો ક્રમ અહીં લખો.
  ગમેલી ________ ________ ; ન ગમેલી ________ ________
- આ એકમમાં યાદ રાખીને જવાબ લખવો પડે તેવા પ્રશ્નો કયા કયા હતા? તેમની બાજુમાં ✗ કરો.
- આ પછીનો એકમ શીખવાનો થાય ત્યારે કઈ કઈ બાબતો પર વધારે ધ્યાન આપશો?
- આ એકમની કવિતા/વાર્તા તમને જેટલી ગમી હોય તે અનુસાર શીર્ષક પાસે સ્ટાર દોરો.

•

- **આ કવિતા ગાઓ. તેના કયા શબ્દ એવા છે જે તમને ગુજરાતીના કોઈ શબ્દ જેવા લાગે છે?**

### બોનોબાસ

બાબા જોદી રામેર મતો
પાઠાય આમાય બોને
જે તે આમી પારી ને કી
તુમી ભાબછો મોને?
ચોતૂરદશ બોછોર કો' દીને હય
જાની ને મા ઠીક

દોંડોક બોન આછે કોથાય
ઓઈ માઠે કોન દિક
કિન્તુ આમી પારી જેતે,
ભય કોરી ને તાતે...
લખન ભાઈ જોદી આમાર
થાકતો સાથે સાથે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in